રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ ૮ : અંક ૧-૨ તંત્રી : જયન્તિકા જયન્તભાઈ ૧૯૮૯ જાન્યુઆરી ૨૨

# નિત્યા-સુધીરની બીડીકથા

નિત્યા આણંદની મેનેજમેન્ટની ગ્રેજ્યુએટ. ભણતાં ભણતાં પ્લેસમેન્ટમાં અનુભવાર્થે 'સેવા'માં આવ્યાં. શાક ઉગાડનાર બહેનોની સહકારી મંડળી બનાવવાની હોંશે કામ ચાલુ કર્યું, પણ તેવામાં ગુજરાત આખું હિંસા-કરફ્યૂના ભરડામાં લેવાઈ ગયું હતું. નિત્યાબેનનો ઉત્સાહ મંદ થતો જતો હતો, ઉદ્વેગ વધતો હતો. તેમણે કહ્યું, 'મને બીજા રાજ્યમાં સેવા ચાલતી હોય ત્યાં મોકલો.'

'મધ્યપ્રદેશમાં જશો ? ભોપાલ ?'

'હા.'

નિત્યાબેન ઊપડ્યા. ભોપાલથી તેમને જબલપુર બીડીકામદાર બહેનોનો એક કામદાર શિક્ષણ વર્ગ જોવા મોકલ્યાં. બસ તે જ દિવસથી એમનું મન જબલપુરમાં મોહ્યું. જોકે મન તો મોહ્યું હતું આણંદ કૉલેજના સહાધ્યાયી સુધીર રાવમાં. સુધીર પણ જબલપુર આવ્યા. બેઉ પરણ્યાં. સંસાર પણ ત્યાં જ માંડ્યો. આનંદી નામની દીકરી આજે ઘરમાં પા-પા પગલી પાડી રહી છે.

બીડીકામદાર બહેનોનું સંગઠન કરવામાં નિત્યા-સુધીરે પોતાની યુવાની-બુદ્ધિ-સેવાભાવના તમામ શક્તિઓ રેડી છે. આજે તેનું ફળ પાકી રહ્યું છે. આગળ જતાં વટવૃક્ષ થવાનાં એંધાણ છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રીએ બીડી-તમાકુ કામદારોની ગામેગામ મંડળીઓ રચવાનો મહાપ્રયાસ આરંભ્યો છે તેમાં નિત્યા-સુધીર ખૂબ પ્રવૃત્ત છે. એ નિત્યા-સુધીરની બીડીકથાનું આ બયાન છે.

**બીડી-કામદારોનો વિકાસ કાર્યક્રમ :**

જબલપુરનાં સ્ત્રી-બીડી-કામદારોના વિકાસ માટેનો એક કાર્યક્રમ ૧૯૮૫માં મહિલા સેવા ટ્રસ્ટે લીધો. ટ્રસ્ટનાં મુખ્ય ધ્યેય હતાં પછાત સ્ત્રીઓના આર્થિક અને સામાજિક પ્રશ્નો – ખાસ કરીને ધંધા, રોજી, સ્વાસ્થ્ય અને શિક્ષણના પ્રશ્નો ઉકેલવા સહાયરૂપ થવું તેમ જ હિસાબી કામ અને ખરીદ-વેચાણ પદ્ધતિની તેમને તાલીમ આપવી. તેમના જીવનના બધાં પાસાંઓનો સર્વે કરાવવો અને તેમની સામાજિક આર્થિક ઉન્નતિ માટે સહકારી પ્રવૃત્તિઓને ગોઠવવી.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ જબલપુર જિલ્લાનાં સ્ત્રી-બીડી-કામદારોનું સંગઠન કરવાનો હતો. તેમનું સહકારી ધોરણે ઉત્પાદન અને વેચાણનું એક યુનિટ બનાવવું જે તેમના આર્થિક-સામાજિક વિકાસમાં માધ્યમ બની રહે. આમ બીડી વાળવાની પ્રવૃત્તિ ઉપર જ આ વિકાસ કાર્યક્રમનો શરૂઆતનો મુદ્દો હતો.

આ ઉદ્યોગમાં બીડીકામદારોનું પુષ્કળ શોષણ થાય છે. જેમાં ઓછામાં ઓછું વેતન આપવું, બીડીની છાંટ કરી કાઢી નાખવી, કાચા માલનું ઓછું વજન અને તૈયાર માલમાં વાંધા કાઢી કામદારનું શોષણ કરવું, પરિણામે કામદારને જે મળવું જોઈએ તેના કરતાં ભાગ્યે જ અર્ધું પણ તે મેળવી શકતાં. અને બીડી-સિગાર કાયદા મુજબ તો એક પણ લાભ તેઓ મેળવતા નથી. આ ઉદ્યોગ ઘેર બેસીને જ કરવામાં આવે છે અને જેમાં વધારે સ્ત્રી-કામદારો છે કે જેમનો જીવનનિર્વાહ પણ બીડી-કામ પર આધારિત છે અને બીજી વૈકલ્પિક રોજીની જેમને માટે કોઈ તક પણ નથી. માત્ર સંગઠન જ તેમની આ સ્થિતિમાં સુધારો લાવી શકે તેમ છે તેથી–

૧. સ્ત્રી-કામદારોનું સંગઠન કરી સાથે રહી પગલાં લેવાં.

૨. તેમના હક મુજબ અને નિયમિત રોજી દ્વારા સ્ત્રી-કામદારોની આવક વધારવી.

૩. તેમની નિર્ણય અને વહીવટી કુશળતાને સુધારવી અને સહકારી વહીવટની તાલીમ અપાવવી.

૪. આરોગ્ય અને કલ્યાણસેવાઓ તેમને મળે તેવા પ્રયત્નો કરવા.

૫. સ્ત્રી-કામદારને 'કામદાર' તરીકે દૃશ્ય કરવા અને તેમના દરજ્જા બાબત જાણકારી કરાવવી. તેમનામાં આત્મ-વિશ્વાસ કેળવવો.

**૧૯૮૭માં થયેલ કામ**

વર્ષ દરમિયાન બીડી-કામદારોનું સહકારી ધોરણે એકમ ઊભું કરવા માટે સંખ્યાબંધ કામોને પાંચ વિભાગમાં વહેંચવામાં આવ્યાં. ૧. સંગઠનનું કાર્ય. ૨. લાયસન્સ મેળવવાં. ૩. માલની ખરીદી. ૪. તૈયાર માલનું છેલ્લું સ્વરૂપ અને બજાર. ૫. કામદારોને તાલીમ.

**૧. સંગઠનકાર્ય**

સભ્યો અને તેમના પ્રતિનિધિઓની ઘણી બધી ગ્રુપ મિટિંગો કરી. વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી અને સંચાલન બાબત અને માલની કવૉલિટી અંગે ચર્ચાઓ કરી. અને તેવો માલ બનાવવાની પ્રક્રિયા વધુ સરળ બને તે માટે જરૂરી સાધનો મેળવવાં, કામના કલાકો વગેરે માટે સભ્યોના કામના નિયમોને અનુસર્યા. આમ માલ ઉત્પાદન કરતાં પહેલાં નિર્ણય લેવા બાબત જૂથમાં નિર્ણય લેવાની તાલીમ શરૂ થઈ ગઈ. જેમાં પહેલું પગલું એ હતું કે કામના દરેક ભાગમાં સહકારી ભાવના હોવી જોઈએ. અને સાથે સાથે મંડળીના રજીસ્ટ્રેશન બાબતની પ્રક્રિયા ચાલુ રહી છે.

**૨. લાયસન્સ મેળવવા અંગે**

બીડી-કામદારોનું ઉત્પાદન યુનિટ શરૂ કરવા માટે ઘણાં બધાં લાયસન્સો અને રજીસ્ટ્રેશનની જરૂરિયાત હતી. જેમકે જકાતનાં લાયસન્સો, લેબર લાયસન્સો, સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશન નંબર, જિલ્લાના જંગલ અધિકારી સાથેનું રજીસ્ટ્રેશન વગેરે. કોઈ પણ ચીજ-વસ્તુ ખરીદીએ તે પહેલાં આ દરેકનાં લાયસન્સ આપણા હસ્તક હોવાં જોઈએ. તેથી દરેક લાયસન્સ અને રજીસ્ટ્રેશન લેવાની પ્રક્રિયા પૂરી થઈ.

**૩. ચીજ-વસ્તુની ખરીદી :**

મોટા ભાગની જરૂરી વસ્તુઓ, કાચો માલ-જેવાં કે તેંદુ પાન અને તમાકુ, પેક કરવાનો સામાન, ઉત્પાદનને લગતાં સાધનો અને પરચુરણ વસ્તુઓ :

અ. તેંદુ પાન - સ્થાનિક વેપારીઓ પાસેથી પાનનાં સેમ્પલ મેળવવાં, કામદાર-સભ્યોની ખરીદ કમિટી બનાવી હતી જે સ્વતંત્ર રીતે પાનની કવૉલિટી પ્રમાણે ચકાસે અને નંબર આપે. આ પ્રમાણે નંબર આપતાં અને કિંમતની સરખામણી કરી પાનની ખરીદી કરવામાં આવતી હતી.

બ. તમાકુ - તમાકુની જુદી જુદી જાતોને ચકાસવા માટે ખાસ નિષ્ણાત કવૉલિટી કંટ્રોલના ફોરમેન પ્રોજેક્ટમાં જોડાયા. બજારમાં તેઓ તમાકુની જાતો ચકાસતા. છેવટે યુનિટના બજારની માંગ મુજબ યોગ્ય જરૂરિયાતવાળી જાતને કવૉલિટી પ્રમાણે નક્કી કરવામાં આવતી. પછી ગુજરાતના આણંદની રાષ્ટ્રીય સહકારી બીડી-તમાકુ ઉત્પાદક સંઘ-નેશનલ કોઓપરેટિવ બીડી ટોબેકો ગ્રોઅર્સ ફેડરેશન-પાસેથી તમાકુ ખરીદ્યું અને જબલપુર ટ્રાન્સપોર્ટ દ્વારા મોકલ્યું. આ ખરીદી ભરોસાપાત્ર ઉપરાંત અગત્યની હતી. દેશના જુદા જુદા ભાગમાં કોઓપરેટિવો વચ્ચેની મજબુતાઈની કડી સમાન આ પગલું હતું.

**ક. પેકિંગ મટિરીયલ્સ**

સૌથી પહેલાં વસ્તુઓનું પ્રાથમિક બીડીનું નાનું પેકીંગ, એટલે કે રેપ કરીને લેબલ લગાડવા અને બીજું બનાવેલી વસ્તુઓને પેક કરવી. પહેલા માટે ઘણી બધી ડિઝાઇનો અને રંગનું કોમ્બીનેશન વગેરે નક્કી કરી છપાવતાં પહેલાં છેલ્લી પસંદગી નક્કી થતી. બીજા માટે બીજા વધારે મોટા પેકીંગ માટે એટલે કે બીડીના મોટાં બંડલો માટે વોટરપ્રુફ વાપરવાનું નક્કી કરવામાં આવ્યું - ઊંચી જાતની પોલિથીન બેગ (HDPE) વાપરવી કે જેથી બધી જ ઋતુમાં માલને વધારેમાં વધારે રક્ષણ મળી રહે.

**ડ. ઉત્પાદન માટેનાં સાધનો અને પરચુરણ ચીજો**

બીડી વાળવા માટે વાંસની ટ્રે, કાચો માલ રાખી મૂકવા ટોપલીઓ, કાતર વગેરેનો સમાવેશ કરવો. આ બધી ખરીદી સ્થાનિક કામદાર-સભ્યોની ખરીદ કમિટીદ્વારા કરવામાં આવતી અને તેની કિંમતની દૃષ્ટિએ ઘણી જગ્યાએ તપાસ થતી.

આમ કામદાર-સભ્યો જરૂરી બધી વસ્તુઓ ખરીદવામાં સંકળાયેલા હતા.

**૪. તૈયાર માલનું છેલ્લું સ્વરૂપ અને બજાર**

તમાકુની જાત, આકાર, બીડીની સાઇઝ અને જાડાઈ, તેમાં વાપરવાના દોરાનો રંગ, ૧૦૦૦ બીડીના યુનિટ માટે જરૂરી કાચા માલનો જથ્થો-વજન, રજીસ્ટ્રેશનનો ટ્રેડમાર્ક વગેરે.

આ બધા નિર્ણયો બજારમાં સર્વે કરી અને તેની માંગ ઉપર લેવાતા હતા. તૈયાર બીડીને છેલ્લું સ્વરૂપ આપીએ તે પહેલાં થોડા હજાર બીડીના સેમ્પલ કામદાર સભ્યો બનાવીને ટેસ્ટ માટે બજારમાં મોકલતા. અને તેની સાઈઝ વગેરે પણ ગ્રાહકોની માંગ પ્રમાણે નક્કી થતી.

**૫. કામદારોની તાલીમ**

એક વખત પ્રોડક્ટનું છેલ્લું સ્વરૂપ નક્કી થઈ જાય, પછી બધા જ સભ્યો માટે એક ટૂંકો તાલીમ કાર્યક્રમ જરૂરી હોઈ કરવામાં આવ્યો. આ યુનિટમાં બીડીનો આકાર, સાઇઝ વગેરે એક જ સરખી રહે તે જરૂરી હતું. કારણકે આમ તો તેઓ જુદા જુદા વેપારીઓનો માલ જુદા જુદા કોન્ટ્રાક્ટરો મારફતે લઈ જુદી જુદી રીતે વાળવાને ટેવાયેલાં હતાં. પરંતુ યુનિટમાં તો કવૉલિટી એક સરખી જળવાઈ રહે તે જરૂરી હતું.

બીજું, તેની કવૉલિટી, દેખાવ, સુઘડતા અને તમાકુની માત્રા કેટલી ભરવી વગેરેની તાલીમ આપવી જરૂરી હતી. કોન્ટ્રાક્ટરની શોષણનીતિને કારણે કામદાર-સભ્યો તમાકુ ઓછી ભરવાને ટેવાયેલા અને ફાટેલાં પત્તાં પણ વાપરતાં, આવી રીતને કારણે એક સરખી ઊંચી જાતની કવૉલિટીનું ધોરણ સચવાઈ ન રહેતું.

ત્રીજું, તાલીમની પ્રક્રિયાએ સભ્યોને નવા યુનિટના